નં. ૧૧-૨-૨૦૦૮ - આઈઆર

ભારત સરકાર

કર્મચારીવર્ગ, જાહેર ફરિયાદો અને પેન્શન મંત્રાલય,

કર્મચારીવર્ગ અને તાલીમ વિભાગ

નોર્થ બ્લોક, નવી દિલ્હી તા. ૧૦મી જુલાઈ, ૨૦૦૮

**કચેરી યાદી**

**વિષય :** માહિતીનો અધિકાર અધિનિયમ, ૨૦૦૫ હેઠળ માહિતી જે ફોર્મેટમાં મોકલવી જોઈએ તે અંગે સ્પષ્ટતા.

એવું ધ્યાનમાં આવ્યું છે કે કેટલાક લોકો માહિતી અધિકાર અધિનિયમ, ૨૦૦૫ હેઠળ કેટલાક દસ્તાવેજોમાંથી ચોક્કસ માહિતી પસંદ કરી, એવી તારવેલી માહિતી તેમને પૂરી પાડવા માટે જાહેર માહિતી અધિકારીઓને વિનંતી કરે છે. અધિનિયમની કલમ-૭ની પેટા-કલમ (૯)માં એવી જોગવાઈ કરવામાં આવી છે કે સામાન્ય રીતે માહિતી જે ફોર્મમાં માંગવામાં આવે એ જ ફોર્મમાં આપવામાં આવશે, એ દલીલને આધારે કેટલાક કેસોમાં અરજદારો તેમણે પોતે તૈયાર કરેલા અમુક ચોકક્સ પ્રોફોર્મામાં જાહેર માહિતી અધિકારીઓ માહિતી પૂરી પાડે એવું ઈચ્છે છે. અહીં એ નોંધવાની જરૂર છે કે આ પેટા-કલમનો અર્થ માત્ર એ થાય છે કે જો માહિતી ફોટોકોપી રૂપે માંગવામાં આવે તો તે ફોટોકોપી રૂપે આપવામાં આવશે અને જો તે ફ્લોપી રૂપે માંગવામાં આવે તો તે ફ્લોપી રૂપે આપવામાં આવશે, પરંતુ એ, અધિનિયમમાં આપવામાં આવેલી શરતોને અધીન રહેશે. એનો અર્થ એવો નથી કે જાહેર માહિતી અધિકારી એ માહિતીને પોતાની ઈચ્છા મુજબ નવું રૂપ આપે.

૨. અધિનિયમના કલમ-૨ (છ) મુજબ ''માહિતી'' એટલે ''કોઈ પણ રૂપમાં કોઈ પણ સામગ્રી (Material)'' આ અધિનિયમ હેઠળ, કોઈપણ નાગરિકને જાહેર સત્તામંડળ નિયંત્રણ હેઠળની અથવા તેમની પાસે હોય એવી સામગ્રી (Material) મેળવવાનો અધિકાર છે. આ અધિકારમાં કામગીરી અને દસ્તાવેજો તથા રેકર્ડની ચકાસણી, દસ્તાવેજો અથવા રેકર્ડની નોંધ, ઉતારા કે પ્રમાણિત નકલો મેળવવી, સામગ્રી (Material) ના પ્રમાણિત નમૂના મેળવવા, ડિસ્ક, ફ્લોપી, ટેપ, વીડિયો કેસેટ અથવા કમ્પ્યુટર અથવા અન્ય કોઈ સાધનમાં માહિતી સંગ્રહિત હોય ત્યારે ઈલેક્ટ્રોનિક માધ્યમ અથવા પ્રિન્ટ આઉટ મારફત આવી માહિતી મેળવવી વગેરેનો સમાવેશ થાય છે. ''માહિતી'' અને 'માહિતી અધિકાર' ની વ્યાખ્યાને કાળજીપૂર્વક વાંચવાથી એ સ્પષ્ટ થાય છે કે નાગરિકોને મહત્વની સામગ્રી (Material) મેળવવાનો, મહત્વની સામગ્રી તપાસવાનો, એ સામગ્રીમાંથી નોંધ ટપકાવવાનો, સામગ્રીમાંથી ઉતારા કરવાનો કે તેની પ્રમાણિત નકલો મેળવવાનો, સામગ્રીમાંના નમૂના લેવાનો, ડિસ્ક રૂપે સામગ્રી મેળવવાનો અધિકાર છે. જાહેર માહિતી અધિકારીએ આવી સામગ્રી (Material) મેળવવા ઈચ્છતા નાગરિકને તે પૂરી પાડવાની હોય છે. આમ છતાં, આ અધિનિયમ હેઠળ, જાહેર માહિતી અધિકારીએ આવી સામગ્રીમાંથી કોઈ અનુમાનિત નિષ્કર્ષ તારવી અરજદારને તે માહિતી પૂરી પાડવાની નથી. જાહેર માહિતી અધિકારીએ, જાહેર સત્તામંડળ પાસે સામગ્રી (Material) જે રૂપમાં હોય તે જ રૂપે પૂરી પાડવાની છે, નાગરિક વતી તેના પર સંશોધન કરી, નિષ્કર્ષરૂપે માહિતી તારવી અરજદારને પૂરી પાડવાની નથી.

૩. આ કચેરી-યાદીનું વિષયવસ્તુ તમામ સંબંધિતોના ધ્યાન પર લાવવું.

K. G. VERMA,

નિયામક.